GJVD010013932026

| | | | |
|---|---|---|---|
| અરજી મળ્યા તારીખ | ૨૩/૦૨/૨૦૨૬ | | |
| અરજી રજી. કર્યા તારીખ | ૨૩/૦૨/૨૦૨૬ | | |
| અરજી ફેંસલ તારીખ | ૧૨/૦૬/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | – | ૦૩ | ૨૦ |

---

## મે.વડોદરાના સ્પે. જજ સાહેબની કોર્ટ સમક્ષ, મુ.વડોદરા.

---

**ફો.પરચુ. અરજ નં.૫૮૧/૨૦૨૬**

**અરજદાર :–**

**ધી સ્ટેટ ઓફ ગુજરાત**

**વિરૂદ્ધ**

**સામાવાળાઓ :–**

૧. **રાજાસીંગ ઉર્ફે રાજા માધુસીંગ ટાંક સરદાર (સીકલીગર)**
હાલ રહે.ડેસર, ઝાપવાળુ ફળીયુ
ભાથીજી મંદિર સામે. તા.ડેસર. જી.વડોદરા.
મુળ રહે.સવાદ કવાટર્સ, હરણી વારશીયા રીંગ રોડ
વડોદરા.

૨. **ગુરૂમુખસીંગ કલ્લુસીંગ જુની (સીકલીગર)**
રહે.સયાજીપુરા ગામ, એ.પી.એમ.સી. માર્કેટ પાસે
આજવા રોડ, વડોદરા.

બાબત**:** **આરોપીઓને અન્ય જેલમાં ટ્રાન્સફર કરવા બાબતની અરજી.**

**અરજદાર તરફે** : **વિ.સ્પે.પી.પી.શ્રી રઘુવીર પંડયા**

**સામાવાળાઓ તરફે** : –

**:: જ જ મેન્ટ ::**

૧. હાલની અરજી, અરજદાર તરફે મદદનીશ પોલીસ કમિશ્નર ''એચ'' ડીવીઝન, વડોદરાએ સ્પે.પી.પી.શ્રી આર.એન.પંડયા મારફતે કરી સમા પો.સ્ટે. પાર્ટ–એ ગુ.ર.નં.૧૧૧૯૬૦૧૩૨૫૦૨૩૦/૨૦૨૫, ગુજરાત આતંકવાદ અને સંગઠીત ગુના નિયંત્રણ અધિનિયમ–૨૦૧૫ (ગુજસીટોક) ની કલમ ૩(૧), ૩(૨), ૩(૪) તથા ૩(૫) મુજબના ગુન્હાના કામના આરોપીઓ જે હાલમાં સેન્ટ્રલ પ્રીઝન, વડોદરા ખાતે જયુ.કસ્ટડીમાં છે તેઓને ગુજરાત રાજયની અલગ અલગ જેલોમાં મોકલી આપવા માટેની દાદ માંગેલી છે.

૨. અરજી અન્વયે સામાવાળાઓને નોટીસ કાઢવામાં આવતા સામાવાળાઓ તરફે કોઇ હાજર રહેલ નથી.

૩. આ કામમાં સરકાર તરફથી તપાસ કરનાર અમલદારે આરોપીઓને જેલ ટ્રાન્સફર કરવા માટેની અરજીમાં જણાવ્યાં મુજબ સદર ગુનાના કામના કુલ સાત આરોપીઓની જેલ બદલી કરવા સારૂ ફો.પ.અ.નં.૩૨૫૦/૨૦૨૫ કરેલી જે અરજી મંજુર કરી સાત આરોપીઓની જેલ બદલી કરવામાં આવેલી ત્યારબાદ હાલના બન્ને આરોપીઓ પકડાયેલા છે અને આરોપીઓ સુનીલ પાન ગેંગના સભ્યો હોય એક સાથે વડોદરા સેન્ટ્રલ જેલમાં રાખવામાં આવેલ છે જેથી આરોપીઓ જેલમાં સાથે રહીને એકબીજા સંપર્કમાં આવીને અન્ય બીજા ગુનાઓ આચરી શકે છે અને કેસને નુકશાનક રવાની કોશીષ પણ કરી શકે છે. આરોપીઓ ખુબજ માથાભારે અને ઝનુની સ્વભાવના છે અને હાલ ગુનાની તપાસ ચાલુ છે અને પુરાવા એકત્રીત કરવાની કામગીરી ચાલુ છે તેમજ તપાસને નુકશાન કરવાની કોશીષ કરે તેવી સંભાવના છે જેથી આરોપીઓને ગુજરાત રાજયની અલગ અલગ જેલમાં મુકવા માટે રજુઆત કરેલી છે.

૪. આ કામમાં રજુ થયેલ હકીકતો ધ્યાનમાં લેતાં જણાય છે કે સદર કામના આરોપીઓ સામે ગુજરાત આતંકવાદ અને સંગઠીત ગુના નિયંત્રણ અધિનિયમ–૨૦૧૫ (ગુજસીટોક) ની કલમ ૩(૧) તથા ૩(૨), ૩(૪), ૩(૫) મુજબના ગુન્હાના

ગંભીર આક્ષેપો છે. આરોપીઓ પૈકી આરોપી નં.૨ ને ફો.પ.અ.નં.૧૦૯૬/૨૦૨૬ થી અરજી કરતા તા.૦૮/૦૪/૨૦૨૬ ના રોજ જામીન અરજી મંજુર કરવામાં આવેલ હોવાનું આંક–૪ થી જાહેર કરેલ છે અને તે અનુસાર આરોપી નં.૨ જામીન ઉપર મુકત થઇ ગયેલ છે. અગાઉ પકડાયેલ સાત આરોપીઓને ફો.પ.અ.નં.૩૨૫૦/૨૦૨૫ થી જેલ ટ્રાન્સફર કરવામાં આવેલા અને તેથી હાલમાં વડોદરા સેન્ટ્રલ જેલ ખાતે આરોપી નં.૧ એકલા જ હોવાનું જણાઇ આવે છે. આ ગુન્હાના કામે ચાર્જશીટ થઇ થઇ ગયેલ છે અને અરજદાર તરફે જેલ ટ્રાન્સફર કરવા માટે જે કારણો જણાવેલ છે તે યોગ્ય અને ન્યાયીક જણાતા નથી અને અરજદારને અન્ય જેલમાં ખસેડવામાં આવે તો તેઓને મુદતે હાજર રહેવામાં પણ મુશ્કેલી પડે તેમ હોય અરજદારની અરજી મંજુર કરવા યોગ્ય જણાઇ આવતુ ન હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

અરજદારની હાલની જેલ ટ્રાન્સફર કરવા માટેની અરજી **નામંજુર** કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૨/૦૬/૨૦૨૬
વડોદરા.

**(વિકુલ કનુપ્રસાદ પાઠક )**
સ્પે. જજ (ગુજસીટોક)
વડોદરા.
કોડ નં.જીજે૦૦૪૬૮